## શાસ્ત્રો

૨/૬૧ ૦.૫.૫૧ **હર્ષ પટેલ, ભૂમી સોની, સમીપ સ્વાદીયા**

**અ.૧૩**

શાસ્ત્રો જૂઠાં એ નહીં, કરે તત્ત્વનો બોધ,
તત્ત્વ એક બધે ભર્યું, કર સુવિચારે શોધ. ૫.

શાસ્ત્ર ન બાધક સર્વથા, તાત્પર્ય સહુનું એક;
થાય ચિત્તશુદ્ધિ ક્રમે, એથી અંતે છેક. ૧૭.

ઈશવાક્ય શાસ્ત્રો બધાં, માની સશ્રદ્ધ એમ;
વર્તે વિશ્વાસે ક્રમે, થાય મુક્ત નર તેમ. ૫૬.

**અ.૧૫**

શાસ્ત્રક્રમે અજ્ઞાનનું, થાતાં નિરસન જેમ,
ટળે સંશયો મૂળથી, થાય સ્વજ્ઞાન એમ; ૬૫.

**અ.૧૬.**

મૂઢ જીવ સંસારમાં, નવ રાખે વિશ્વાસ
શાસ્ત્રો પર તેથી કરે, દેવ અવકૃપા ખાસ. ૫.

રાજાજ્ઞાપાલન થકી, થાય તુષ્ટ નૃપ જેમ
શાસ્ત્રાજ્ઞાપાલન થકી, થાય તુષ્ટ પ્રભુ તેમ. ૬.

નિઃશ્વાસો પ્રભુના નકી, શાસ્ત્રો સત્ય પ્રમાણ;
ભવભ્રમણ ચૂકે નહીં, થતાં રુષ્ટ એ માન. ૭.

સચ્ચિદ્ઘન સાક્ષી સ્વયં, ભિન્ન ત્ર્યવસ્થાતીત;
નિત્ય અનુભવે સુપ્તિમાં, ભૂલે મોહાન્વિત. ૮.

હું કર્તા દાતા સુખી, ભોક્તા દુઃખી એમ;
માની મૂઢ ભમે જગે, ભિન્નદષ્ટિથી તેમ. ૯.

આ પણ ભ્રાંતિ; એ જતાં, દૂર મુક્તિ ના જાણ;
આત્મા પર એ પણ નકી, મિથ્યોપચાર માન. ૧૦.

મૂળે બંધ મળે નહીં;, મોક્ષ સત્ય ત્યાં કેમ?
અજ્ઞજનબોધાર્થ આ, કથે શાસ્ત્ર પણ તેમ. ૧૧.

સત્ય જ્ઞાન અનન્ત જે, બ્રહ્મ અચિન્ત્ય અરૂપ;
ભ્રાન્તિથી કલ્પિત તિહાં, વિવિધ નામ ને રૂપ. ૧૨.

મિથ્યા ભ્રમ અનાદિ એ, કરવા સુદૂર જાણ,
મથે શાસ્ત્ર; કાંટા થકી, કાઢે કાંટો માન. ૧૩.

**અ.૫૮**

કથે શાસ્ત્ર, સ્ત્રી ગર્વથી, પડે નિશ્ચયે જાણ;
થાય નષ્ટ તપ ક્રોધથી, શુદ્રાન્ને દ્વિજ માન. ૧૦.

દેતાં નિષિદ્ધ કર્મમાં, દાન ગાયનું એમ,
થાય હીન એ નિશ્ચયે, દૂર પ્રચારે તેમ. ૧૧.

**અ.૧૧૯**

ત્યજી દીન અબળા તથા, તીર્થાટનાર્થ તેમ
જાઓ એકાકી પ્રભો?, ગમે ન મુજને એમ. ૩૩.

સ્ત્રીએ પણ તીર્થાટને, જાવું પતિની સાથ,
સકળ શાસ્ત્ર એવું કથે;, માટે લો સંગાત. ૩૪.

દાસીને આ, નાથ હે!, કરી દયા સપ્રેમ;
ત્યજી જતાં નિર્દોષ આ, અબળા ગરીબ એમ, ૩૫.

ત્યજીશ પ્રાણ હું નિશ્ચયે, જતાં આપ ઘરબહાર!
દીન પ્રાર્થના એહવી, સૂણી ત્યાં નિર્ધાર. ૩૬.

થઈ તુષ્ટ શાસ્ત્રીબુવા, લે સતીને સંગાત
કરવા સેવા મા તણી, બંધુદ્વય ને વાત. ૩૭.

કરી, દત્તમંદિર વિષે, આવી સત્વર તેમ,
સાષ્ટાંગ પ્રણતિ કરી, કરે પ્રાર્થના એમ. ૩૮.

### સ્તુત્ય પાત્ર પરિચય

**૭. રેણુકા માતા :**

સ્વયં પાર્વતી. એલમ્મા - એકવિરા નામે જાણીતાં. પતિ જમદગ્નિનો વધ થયો. સહગમન માટે પરશુરામ કાવડમાં લઈ ચાલ્યો. સહ્યાદ્રિ પર આમલકી ગામે આકાશવાણી થઈ કે અહીંયા સહમગનાદિ ઔર્ધ્વદેહિક ક્રિયાઓ માટે આચાર્ય મળશે. તેથી ત્યાં રોકાયા. ભગવાન દત્ત મળ્યાં. પરશુરામે પ્રાર્થના કરીને ક્રિયા કરાવવા કહ્યું. પણ ભગવાન દત્તે કહ્યું,

"સ્ત્રીલંપટ અપવિત્ર હું, અસંભાવ્ય અવામ્ય હું
પરાધીન સ્ત્રયા સકત હું, યુક્તાયુક્ત લહું ન હું."

હું કેમ ક્રિયા કરાવું. ત્યારે રેણુકાજીએ દત્ત ભગવાનની પાર્થના કરી.

**(અનુ. પાન નં. ૭૫)**